## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / ૯૨ તા. 22 JUL 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ
રહે. બામણાસા (ઘેડ)
તા. કેશોદ
જી. :જુનાગઢ, પીનકોડ. :૩૬૨૬૩૦ મોબાઈલ : ૯૬૩૮૦૫૯૮૫૯

વિષય : ગ્રા.નં.૩૫૫૦૧/૧૨૪૩૪/૩ માં ઓનલાઈન ૯૦૦૦ ને બદલે ૯૦૦૦૦ ભુલથી ભરપાઈ થતાં રકમ રૂ. રિફંડ ના મળવા અંગે ના વાંધા બાબત.

સંદર્ભ : સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ ની રજુઆત તારીખ: ૧૦.૦૫.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૨

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માણાવદર-૧

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩/ 452 તા. 22.7-22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૧/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ ગામ – માણાવદર
સબડીવીઝન: માણાવદર-૧

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૨

:: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

તારીખ: સોમવાર (૨૭-૦૬-૨૦૨૨)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અત્રે ની માણાવદર-૧ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા માણાવદર ગામમાં ખખાવી રોડ ઉપર, સુમીન્ટર ઈન્ડ., ની બાજુના ગ્રા.નં-૩૫૫૦૧/૧૨૪૩૪/3 સોમનાથ ઇન્ડસ્ટ્રી નામના ૨૫ કિવો ના વાણિજ્ય વપરાશ વીજ કનેક્શન માં ભાડુંઆત તરીકે હું વાજા અરવિંદભાઇ પરબતભાઇ વિજ વપરાશ કરતો હોય જે અંગેના વીજ બિલ રેગ્યુર હું ભરપાઈ કરતો હોય, જે અંગે જુલાઈ-૨૧ નું બિલ રૂ. ૮૫૪૨ .03 /- નું મને આપવામાં આવેલ જે બિલ પેટે ઓન લાઈન યોનો એપ દ્વારા મે રૂ. ૯૦૦૦/- ભરપાઈ કરવા જતાં ભુલ થી મારા થી રૂ. ૯૦,૦૦૦/- થઈ ગયેલ હોય જે મને આજદિન સુધી રિફંડ મળેલ ના હોય જે અંગે મારા સદર કેશ અંગે નીચે મુજબના મુદાઓ છે.

૧) જુલાઈ-૨૧ બિલ રૂ. ૮૫૪૨.03/-સામે ૯૦૦૦/- ભરપાઈ કરવા જતાં ભુલ થી ભરપાઈ થયેલ રકમ રૂ. ૯૦,૦૦૦/- જેની એસ.બી.આઈ. યોનો પહોચ,બેંક પાસબુક ની નકલ જોડી મારા બિલ પેટે

બાકી નીકળતા લેણાં વસુલી બાકી રેહતા રૂ. ૮૦૦૦૦/- રિફંડ મળવા બાબતે તા. ૨૯/૦૭//૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ માણાવદર-૧ કચેરી માં અરજી કરેલ.

૨) ત્યાર બાદ સોમનાથ ઈન્ડ. અમોએ મૌખિક વાતચીત થી ભાડે રાખેલ હોય જે અંગે અરવિંદભાઈ પરબતભાઈ વાજા ના રિફંડ અંગેનો ચેક કાઢવા બેંકખાતા નંબર સાથે પાસબુક ની નકલ અંગેની માહિતી માટે તા. ૨૫.૦૮.૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ માણાવદર-૧ માં અરજી કરેલ.

૩) ત્યારબાદ પીજીવીસીએલ માણાવદર કચેરી-૧ ની સુચના અન્વયે તા. ૦૧/૧૦/૨૦૨૧ ના રોજ સદર જગ્યા ના માલિક કલારિયા આનંદકુમાર જમનાદાસ તેમજ સદર જગ્યા ભાડે રાખનાર હું વાજા અરવિંદભાઇ પરબતભાઈ બંને ની સહમતી અંગે નું સંયુક્ત સોગંધનામું મારા ખાતામાં રકમ રૂ. રિફંડ આપવામાં આવે તો કોઈપણ વાંધો હરકત નથી તે અંગે આપવામાં આવેલ.

૪) ત્યારબાદ પીજીવીસીએલ માણાવદર કચેરી-૧ ની સુચના અનુસંધાને સદર વીજ કનેક્શન માં જુલાઈ-૨૦૨૧ થી ઑક્ટો. -૨૦૨૧ ના બાકી રેહતા રૂ. ૨૦૨૩૧.૨૩/- સામે રૂ. ૨૦૨૫૦/- રસીદ નં. ૭૧૬૧૩૯ તા. ૨૯/૧૦/૨૧ ના રોજ ભરપાઈ કરી આપેલ જેથી મારે રિફંડ રૂ. ૯૦,૦૦૦/- લેવા પાત્ર થાય છે.

૫) ત્યારબાદ પીજીવીસીએલ માણાવદર કચેરી-૧ દ્વારા મને પે-ટીએમ અને યુટીઆર નં. ૨૧૩૨૧૦૨૬૩૯૦૯ આપી સદર રકમ રૂ. રિફંડ કરી આપેલ હોવા અંગે જણાવેલ, જેથી સદર બાબતે મારૂ ખાતું તપાસતા કોઈપણ રકમ રૂ. રિફંડ થયેલ નથી જેથી સદર બાબતે બેંક માં તપાસ કરવા જણાવેલ પરંતુ મારી સદર બાબત અંગે બામણસા એસ.બી.આઈ. બેંક માં તપાસ કરતાં સદર બાબતે બેંક પે-ટીએમ અંગે કોઈપણ તપાસ ના કરી શકે જ્યથી પે-ટીએમ કરવામાં આવેલ હોય ત્યાથી ખબર પડે, આમ સદર બાબતે ફરી મે તા. ૦૮.૦૨.૨૦૨૨ ના રોજ મારા બેંક એકાઉન્ટ જુન-૨૧ થી ફેબ્રુ-૨૨ સુધી નું સ્ટેટમેન્ટ બનેક ના સહી સિક્કા સાથે નું જોડી અરજી કરેલ જે સ્ટેટમેન્ટ માં મને પીજીવીસીએલ કચેરી દ્વારા મને રિફંડ કરી આપવામાં આવેલ રૂ. ૯૦,૦૦૦/- ક્યાય જમા થયેલ નથી,

આમ, મારા દ્વારા વીજબિલ પેટે તા. ૨૬.૦૭.૨૦૨૧ ના રોજ રૂ. ૯૦૦૦/- ને બદલે રૂ. ૯૦,૦૦૦/- જે એસબીઆઈ યોનો એપ દ્વારા ભુલ થી ભરપાઈ થઈ ગયેલ જે આજદિન સુધી મને રિફંડ મળેલ નથી. જે તાત્કાલિક રિફંડ મળવા સદર અરજી કરેલ છે તો સદર બાબતે ઉપરોક્ત મુદાઓ ધ્યાને લઈ મને રિફંડ મળવા પાત્ર રકમ રૂ. ૯૦,૦૦૦/- વહેલીતકે મળવા નમ્ર અરજ છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ ઉપરોક્ત ગ્રાહક નંબર ધરાવતા કોમર્સિયલ હેતુસર વપરાસ કરતાં ગ્રાહક શ્રી અરવિંદભાઇ પરબતભાઇ વાજા ને જુલાઈ-૨૧ નું વીજબિલ રૂ.૮૫૪૨.૦૩ આપવામાં આવેલ જે બિલ પેટે ઓનલાઇન રૂ ૯૦૦૦ ભરપાઈ કરવા જતાં ભૂલથી ૯૦૦૦૦ ભરપાઈ થઈ ગયેલ. જે અંગે ગ્રાહક દ્વારા તેમના બિલ ની તફાવત ની રકમ રૂ ૮૦૦૦૦ પરત આપવા અંગે કાર્યવાહી કરવામાં આવેલ, જેમાં વડી કચેરી દ્વારા ગ્રાહકને રિફંડ કરવા પાત્ર રકમ રૂ રિફંડ કરેલ હોય એવું મેઈલ થૃ પેટીએમ યૂટીઆર નંબર દ્વારા જાણ કરેલ ,જેના પેટીએમ યૂટીઆર નં.૨૧૩૨૧૦૨૬૩૯૦૯ હોય, જે અંગે સદર

બાબતે ગ્રાહક દ્વારા બેંક કચેરી માં વેરિફાય કરી એ અંગે બેંક પાસેથી લેટર પેડ પર સદર બાબતનું લેખિત મેળવી આપવા જણાવતા ગ્રાહક દ્વારા રૂબરૂ બેંકનો સંપર્ક કરતાં, બૅંક મેનેજર દ્વારા તા.૨૫.૦૫.૨૦૨૨ ના રોજ આપેલ સંમતિ મુજબ ગ્રાહક ના ખાતા માથી ૨૬.૦૭.૨૦૨૧ ના રોજ રૂ. ૯૦૦૦૦/- ડેબિટ થયેલ ત્યારબાદ તેના જણાવ્યા મુજબ તેમના સવિંગ ખાતા માં ૯૦૦૦૦ ની રકમ ક્રેડિટ થયેલ નથી.

૨.૧ ગ્રાહકે ભૂલ થી ભરપાઈ કરેલ વધારા ની રકમ તેમના ખાતે જમા આવતા, વડી કચેરી ની સૂચના મુજબ તેમની રિફંડ ની રકમ તેમના બેંક અકાઉન્ટ માં જમા થઈ ગયેલ હોય તો તેમના ખાતે જમા આવતી રકમ તા ૦૫.૦૨.૨૦૨૨ ના રોજ ડેબિટ કરેલ હાલ નિગમિત કચેરી સાથેની ટેલેફોનિક રજૂઆત મુજબ, નિગમિત કચેરી દ્વારા પેટીએમ કન્સર્ન સાથે ની ટેલેફોનિક વાત સંચાર મુજબ પેટીએમ દ્વારા રિફંડ મળેલ છે. જે ગ્રાહક ના ખાતા માં જમા મળેલ છે. જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે.અને તા. ૨૨.૦૬.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

:: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની માણાવદર-૧ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જુનાગઢ ગ્રામ્ય-૨ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૨.૦૬.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.આઈ.ઉપાધ્યાય | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |